## જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળમાં વી.ટી. સોની મહામંત્રી વરાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારીઓની જનરલ સભા તા. ૧૨-૧૦-૨૦૧૮ને શુક્રવારના રોજ મળેલ જેમાં એજન્ડા મુજબની કામગીરી શરૂ કરતાં પહેલાં પી.આર. રાઓલ સિનિયર ક્લાર્ક નિવૃત્ત થયેલ અને તેઓએ મંત્રી તરીકે કામગીરી સંભાળેલ હતી. તેઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રમુખ પ્રકાશભાઈ ત્રિવેદીએ એજન્ડા મુજબના કામ શરૂ કરેલ જેમાં સર્વાનુમતે મંત્રી તરીકે વી.ટી. સોની, સિનિયર ક્લાર્ક બાંધકામ શાખાની નિમણુંક કરેલ છે અને તાલુકા પ્રતિનિધિમાં દહેગામમાં જીગર ચૌધરી, માણસામાં નરેન્દ્ર પટેલ, કલોલમાં ચિરાગ પારેખની પણ સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી. તેમજ સિનિયર હિસાબી ક્લાર્કને ઘણા લાંબા સમયથી નાયબ હિસાબનીશમાં બઢતી મળેલ ન હોઈ બઢતી આપવા તથા અન્ય કર્મચારીઓના રજુ થયેલ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરવાં સર્વાનુમતો ઠરાવ કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં સ્વાઈન ફ્લૂનો આતંક યથાવત

**સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા ૧૬૨૯ થઇ : અમદાવાદમાં સ્વાઈન ફ્લૂના વધુ પાંચ કેસ નોંધાયા બાદ કુલ કેસની સંખ્યા વધી ૬૫૬ થઈ : સાવચેતીના પગલાઓ**

ગાંધીનગર,તા.૨૧

સ્વાઈન ફ્લુના કારણે રાજ્યભરમાં ભારે આતંક જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુથી વધુ એકનું મોત થતાં મોતનો આંકડો વધીને આજે બાવન ઉપર પહોંચી ગયો હતો જ્યારે ૨૩ નવા કેસોની સાથે કુલ કેસોની સંખ્યા વધીને ૧૬૨૯ ઉપર પહોંચી ગઈ છે. ૨૧૮ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે જ્યારે ૧૩૬૦ દર્દીઓને સારવાર આપવામાં આવ્યા બાદ આ લોક સ્વસ્થ થઈ ચુક્યા છે અને રજા આપી દેવામાં આવી છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના પાંચ, આણંદ ત્રણ, સુરત, વડોદરા, કચ્છ અને ભાવનગરમાં ૨-૨ કેસો નોંધાયા હતા. સ્વાઈન ફ્લૂના કારણે ગુજરાતમાં કાળો કેર યથાવત રીતે જારી રહ્યો છે. સ્વાઈન ફ્લૂને રોકા માટે અમદવાદ સહિત રાજ્યના જુદા જુદા સૌથી અસરગ્રસ્ત વિસ્તારોમાં તમામ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં કેસો વધી રહ્યા છે. સ્વાઈન ફ્લૂના વધુ ૨૩ કેસ છેલ્લા ૨૪ કલાકમાં સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ રાજ્યમાં સ્વાઈન ફ્લૂના કારણે ભારે હાહાકાર મચેલો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ સ્વાઈન ફ્લૂના નવા કેસો સપાટી ઉપર આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. રાજ્યમાં જાન્યુઆરી બાદથી મોતનો આંકડો બાવન ઉપર પહોંચી ગયો છે જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૧૬૨૯ સુધી પહોંચી ગઈ છે. સ્વાઈન ફ્લૂથી ગ્રસ્ત થયા બાદ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા ૨૧૮થી વધુ છે. આવી સ્થિતિમાં સ્વાઈન ફ્લૂના લીધે હાલત કફોડી બનેલી છે. મોટી સંખ્યામાં દર્દીઓને યોગ્ય સારવાર આપવામાં આવ્યા બાદ રજા પણ આપી દેવાઈ છે.ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કારણે અસરગ્રસ્ત વિસ્તારમાં સૌથી વધુ અસર અમદાવાદમાં થઈ છે. જ્યાં ૬૫૬ કેસ નોંધાઈ ચુક્યા છે. અમદાવાદમાં મોતનો આંકડો પણ રાજ્યના અન્ય વિસ્તારો કરતા વધારે છે. સ્વાઈન ફ્લૂથી ગ્રસ્ત પોઝીટીવ લોકોની સંખ્યા રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી ચુકી છે. અમદાવાદમાં આજે નવા કેસ નોંધાતા કેસોની સંખ્યા ૬૫૬ થઈ છે. ગઈકાલ સુધી અમદાવાદમાં સ્વાઈન ફ્લૂના કેસોની સંખ્યા ૬૫૧ હતી. અમદાવાદમાં પાંચ કેસ સપાટી પર આવ્યા હતા. અમદાવાદમાં સ્વાઈન ફ્લુથી રાજ્યમાં સૌથી વધુ ૧૮ના મોત થયા છે. જ્યારે આ વર્ષે મોતનો આંકડો ખૂબ ઉંચે પહોંચ્યો છે. સ્વાઈન ફ્લુને કાબૂમાં લેવા અન્ય રાજ્યોની જેમ જ ગુજરાતમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.



## ઉત્તર ગુજરાત વણકર સમાજ પંચ/ પરગણા મહાસંઘનું સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

ઉત્તર ગુજરાત વણકર સમાજ પંચો-પરગણાના આગેવાનોનું એક સંમેલન આજરોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગુજરાતના પૂર્વ શિક્ષણ મંત્રીના અધ્યક્ષસ્થાને મળ્યું હતું. જેમાં આ સંગઠનનું બંધારણ ઉપર ચર્ચા કરી હતી. સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં પૂર્વ મંત્રીઓ ઈશ્વરભાઈ સોલંકી, કાંતિભાઈ સોલંકી, ધારાસભ્ય પ્રદીપભાઈ પરમાર, રમેશભાઈ સોલંકી અને રાજન પ્રિયદર્શી જેવા આગેવાનોએ માર્ગદર્શન આપ્યુ હતુ. સમગ્ર સભાનું કામ સંસ્થાનું કામ સંસ્થાના પ્રમુખ કે.કે. ચૌહાણે પુરૂ પાડ્યું હતું.

## શહેરના સે-૬ માં જન જાગૃતિ અભિયાન અંગે શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૧

જાહેર આરોગ્યને લગતી બાબતો જેવી કે ડાયાબીટીસ, એચઆઈવી, કેલ્શીયમ મેટાબોલીઝમ, જેવા વિષયને અનુલક્ષીને સામાન્ય નાગરીકોમાં જાગૃતિ લાવવા અને નાગરીકોને તેની પ્રાથમિક જાણકારી મળી રહે તે હેતુંથી પારા લીગલ વોલ્યુન્ટીયરસના ઉપક્રમે એક જાહેર અભિયાન અને જાહેર જાગૃતિ શિબિરનું આયોજન તા. ૨૯ નવેમ્બર ૨૦૧૮ ને સોમવારના રોજ સાંજે ૫ કલાકે સેકટર-૬ ના મેઈન શોંપીગ સેન્ટર સામે જાહેર બગીચામાં રાખવામાં આવેલ છે. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે અનિલ કકકડ આ બેઠકમાં ડાયાબીટીસ થવાના કારણો, ડાયાબીટીસના જુદા જુદા પ્રકારો, તેના ટેસ્ટીંગ, ડાયાબીટીસના દર્દીએ ખોરાક, દવાઓ, અને પોતાની દૈનિક જીવન શૈલી અંગે લેવાની થતી સંભાળ ઉપરાંત એચઆઈવી, કેલ્શીયમ મેટાબોલીઝમ અંગે જરુરી હકીકતો રજુ કરશે. કાર્યક્રમના અન્ય આયોજક સીતારામ પટેલ પારા લીગલ વોલ્યુન્ટીયરસની ટીમ દ્વારા આપવામાં આવતી માનદ સેવાઓની જાણકારી પણ આ સભાને આપશે. તેમજ પારાલીગલ વોલ્યુન્ટીયરસ સત્યનારાયણ પાંડે, મહેન્દ્ર ચૌહાણ, જેવા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહી સભાને ઉદબોધન કરશે.શહેરના નાગરીકોને અભિયાનમાં મોટીસંખ્યામાં હાજર રહેવા અને શિબિરનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## વડોદરા સધીમાતાના મંદિરે શસ્ત્રપૂજન કરાયું



ગાંધીનગરના વડોદરા ગામમાં આવેલા સધીમાતાના મંદિરે દશેરાના દિવસે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મા સધીના સતના દરબારમાં ભક્તો ઉમટી પડ્યા હતા. મંદિરના ટ્રસ્ટીઓ તથા ભક્તોને પૂજા ડભોડાના હનુમાનજી મંદિરના પુજારી શેખરભાઈ દ્વારા કરાવવામાં આવી હતી. બાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગુરુચરણોમાં સમર્પણથી જીવનમાં આત્મવિશ્વાસ અને સફળતા પ્રકટે છે- આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર.

આચાર્ય ભગવન સુનીલ સાગરજીએ આજની પેઢીમાં વધતી જતી સમસ્યા આત્મવિશ્વાસની ઉણપ, હતાશાની સમસ્યા ઉપર સંબોધન આપતા કહ્યું કે જો કુટુંબનાં વડીલોનું Strong Motivation હોય અને કુટુંબીજનો અર્થાત્ યુવાનોનું Strong Dedication હોય તો દરેક મુશ્કેલ આસાન થઈ જાય છે. માતા-પિતા અને બાળકો બન્નેને આ સમજવું પડશે. વિશ્વાસ મરતાની સાથે વ્યક્તિ પણ મૃતક સમાન થઈ જાય છે. આ આત્મવિશ્વાસ ગુરુચરણોંમાં પૂર્ણ સમર્પણથી પ્રકટે છે.

ગુરુ-ચરણો પ્રભુ ભક્તિમાં ઈંસાન જેટલો ઉડાણમાં ઉતરી જાય છે, વિનમ્ર બની જાય છે તેટલો જ ઉપર ઉઠે છે. સારા જીવન માટે ગહન ચિંતન, કઠોર પરિશ્રમ, આન્તરીક ઉત્સાહ, હકારાત્મક સોચ અને અભિપ્રેરક વાતાવરણ ખૂબ જ જરૂરી છે. આપણે હકારાત્મક કે નકારાત્મક સોચના કારણે જ સ્વસ્થ અને અસ્વસ્થ રહીએ છે. અમુક લોકો બીજાની કે કુટુંબીજનોની વધારાની સહાનુભૂતિ મેળવવા માટે અસ્વસ્થ અને પરાધીન બની જાય છે જે યોગ્ય નથી. આજની ભાગમભાગ અને ભૌતિકતાવાદી સંસ્કૃતિ પ્રેરિત જીવનમાં ટેંશન તો છે જ જેનો મુખ્ય કારણ સંતાનના મન પર પોતાની અપેક્ષાઓ પૂરી કરવા માટે પ્રેશર નાખવું છે, પણ આ પ્રેશર કુકર બનીને ફાટીના જાય તે ધ્યાન રાખજો. યુવાઓને સંબોધતા ગુરુદેવે કહ્યું કે તેમને મુશ્કેલીઓથી ઘબરાવવાની જરૂર નથી, પણ પોતાની શક્તિઓમાં વિશ્વાસ પૈદા કરવાની અને તદાનુરૂપ પુરુષાર્થ કરવાની જરૂર છે કેમ કે મંઝિલ એમને જ મળે જે તે દિશામાં પગ આગળ વધારે છે, એક મેંઢકના કથાનકના માધ્યમથી ગુરુદેવે સમજાવ્યું કે જે પોતાની શક્તિ પ્રમાણે જે પ્રયાસ કરે છે, બીજાનું સાંભળતા નથી તે મંઝિલ મેળવી લેશે. તેથી કોઈ પણ સંજોગોમાં હતાશ થવાની જરૂર નથી. વિચારતા રહો કે પરમકૃપાલુ પ્રભુ તમારા સાથે જ છે

સાધન સંસાધનોની ઉણપની શિકાયત આજે કૉમન થઈ ગઈ છે જેના પાસે છે તે વધારાના માટે શિકવા કરે છે અને જેના પાસે નથી તે ઉણપ માટે. પણ જિંદગી સાધનોથી નથી ચાલતી, જિંદગી સાધન સંસાધનોની મોહતાજ નથી. જીવનમાં સાધન-સંસાધનોની જગ્યા સંયમ અને સાધનાને સ્થાન આપી જીવનને સાર્થક બનાવવાની અને સમાજને માનસિક રીતે સ્વસ્થ બનાવવાની જરૂરિયાત છે. સંઘસ્થ આર્યિકા સુસ્વરમતી માતાજીએ જીવનમાં આત્મવિશ્વાસ, હકારાત્મક વિચારની ભૂમિકા પર ખૂબજ પ્રેરણાત્મક પ્રવચન આપતા કહ્યું કે માતા-પિતાઓને સંતાનો પ્રત્યેની અપેક્ષાઓ છોડવી પડશે. વાત્સલ્યમૂર્તિ આચાર્ય ભગવન શ્રી સુનીલસાગરજી મહારાજથી સીખ લઈ શકાય કે બાળકોને પ્રેમથી અને બીજો સારો વિકલ્પ આપીને ખોટા માર્ગથી હટાવી શકાય છે અને તેમનો જીવનમાં, સોચ અને ચિંતનમાં હકારાત્મકતા લાવી આત્મવિશ્વાસ ટકાવી શકાય છે ગુરુચરણના શરણે થનારાને ક્યારેક કેઈ મુશ્કેલી નડતી નથી તેઓ હજારો ગર્દિશોને સફળતાથી પાર કરી લે છે. આજે ગુરુદેવે જૈનોનું શાશ્વત તીર્થ સમ્મેદશિખર પર થતી અનાધિકૃત ચેષ્ટાઓ પત્યે મોખિક આશ્વસન છતાયં સરકારની દાનત સાફ દેખાતી નથી તેથી શ્રાવકોને જાગૃત રહેવું પડશે કીધું. પણ સાથે તેમણે ટકોર કરી કે શ્રાવકોએ પર્વતરાજની વંદના દરમ્યાન કોઈ ખવા-પીવાની વસ્તુ ખરીદવી અને ઉપયોગમાં ના લેવી જોઈએ જેથી આવા અરાજક તત્વોને ત્યાં ખોટો કરવાનું અવકાશ મળી જાય.

# ગિરિમથકની રાણી 'મસૂરી' તેની ખૂબસૂરતી સાથે લગ્ન-જોડાં બનાવવાની મશહૂર જગ્યા

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

મસૂરીનું નામ આવે એટલે આપણને સૌંદર્ય યાદ આવી જાય છે. ખુશનુમા વાતાવરણ વચ્ચે મસૂરી કે જે ઉત્તરાખંડના દહેરાદૂન જિલ્લામાં આવેલું ખૂબસુરત શહેર છે. હિમાલયની તળેટીમાં આવેલા આ શહેરને ગિરિમથકોની રાણી તરીકે ઓળખવામાં આવે છે. ગ્રીનરીથી ઘેરાયેલા આ પ્રદેશમાં ટેકરીઓ એક આદર્શ ગિરિમથક બનાવે છે. અહીંના સહેલાણીઓને પરીકથા જેવી ભૂમિનો અનુભવ થાય છે. અહીંનું સૌથી ઊંચુ સ્થળ લાલ ટિબ્બા ૨૨૯૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. અહીં આઈએએસ ઓફિસરોની તાલીમ શાળા છે. કેન્દ્ર સાથે ત્રણ મહિનાની ટ્રેનિંગનું પોતાનું પહેલું એસાઈમેન્ટ પૂરું કરી રહેલા ૨૦૧૬ના ૧૫૬ આઈએએસ ઓફિસરોની બેચે એક અનોખો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. આ ઓફિસરોમાં ૧૨ કપલ એવાં છે કે જેમણે મસૂરીની લાલબહાદુર શાસ્ત્રી નેશનલ

### એક અનોખા ઓફિસર કે જેઓ બિન ગુજરાતી હોવા છતાં ગુજરાતી ભાષાને ખૂબ પ્રેમ કરે છે

એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશનમાં ટ્રેઈનિંગ દરમિયાન લગ્ન કરી લીધાં છે. ૨૦૧૭ની બેચના છ અધિકારીઓ હજી મસૂરીમાં ટ્રેઈનિંગમાં છે તેમણે તેમના સાથી આઈએએસ અધિકારીઓ સાથે લગ્ન કર્યા છે. ૨૦૧૫ની બેચના ૧૪ અધિકારીઓએ બેન્ચમેટ કે જુનિયર અથવા સિનિયરને જીવનસાથી તરીકે પસંદ કર્યા છે. મસૂરી સુંદર અને રોમાન્ટિક જગ્યા છે. યુપીએસસી પરીક્ષા પાસ કરવાની જહેમત બાદ યુવા અધિકારીઓ ટ્રેઈનિંગ માટે આ એકેડેમીમાં આવે છે અને તેમને અન્ય સાથી મિત્રો સાથે પ્રેમ થઈ જાય છે.

**ધવલ પટેલ કેવા ઓફિસર છે જાણો...**

સોશ્યલ મિડીયા અને સ્માર્ટ ફોન એ આજના જમાનાની એવી ચીજ છે કે જેના વિના કોઈને ચાલી શકે નહીં. ગુજરાતની જનતા જ્યારે સ્માર્ટફોનની ચાહક છે અને ફેસબુક, ટ્વિટર અને વોટ્સઅપની આદતથી મજબૂર છે ત્યારે એવા પણ ઓફિસરો છે કે જેઓ સ્માર્ટફોન વાપરતા નથી. સોશ્યલ મિડીયાથી દૂર છે. સુરત જિલ્લાના કલેક્ટર ધવલ પટેલે નક્કી કર્યું છે કે તેઓ સ્માર્ટફોન વાપરશે નહીં અને સોશ્યલ મિડીયા સાથે પણ જોડાશે નહીં. તેમનું આ પગલું જોઈને જિલ્લાના પાંચ ડેપ્યુટી કલેક્ટરોએ પણ સ્માર્ટફોન તેમજ સોશ્યલ મિડીયાથી દૂર રહેવાનું પસંદ કર્યું છે. થોડાં સમય પહેલાં ઓરી અને રૂબેલા વિરોધી રસીકરણ ઝૂંબેશ ચાલતી હતી ત્યારે જિલ્લા કલેક્ટર ધવલ પટેલે સુરતના અડાજણની વીડી દેસાઈ સ્કૂલમાં પહોંચીને તેમના બન્ને પુત્રોને ઓરી અને રૂબેલાની રસી અપાવી હતી. ધવલ પટેલ ૨૦૦૮ની બેચના આઈએએસ ઓફિસર છે. ૨૦૦૯માં તેઓ આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે ગોધરામાં જોડાયા હતા. ૨૦૧૦થી ૨૦૧૨ સુધી તેઓ પાટણમાં આસિસ્ટન્ટ કલેક્ટર હતા ત્યારબાદ તેઓ ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી રોજકોટના જિલ્લા વિકાસ અધિકારી હતા. ૨૦૧૬ થી ૨૦૧૮ સુધી તેમણે આણંદના જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બજાવી છે. ગાંધીનગરના સરગાસણના વતની એવા આ અધિકારી ૨૦૦૮ની બેચમાં ૨૩ વર્ષની યુવાન વયે ૧૨મા રેન્કમાં આવ્યા હતા. તેમના પિતા પણ નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સરકારી સેવામાં ફરજ બજાવી ચૂક્યાં છે. તેમની માતા રેલ્વેમાં ફરજ બજાવે છે. ધવલ પટેલ સ્માર્ટફોન અને સોશ્યલ મિડીયાથી અંગત કારણોસર દૂર થયા છે પરંતુ ફોન, એસએમએસ અને મેઈલ દ્વારા તેમનો સંપર્ક થઈ શકે છે.

**ફિલ્મ શૂટીંગ માટે મહાત્મા મંદિર પણ સિલેક્ટ...**

ગુજરાતમાં દર મહિને એક ગુજરાતી ફિલ્મ બને છે અને તેના શૂટીંગનું લોકેશન ગુજરાતની જ ભૂમિ હોય છે. હાલ રાજ્યમાં ગુજરાતી ફિલ્મોનો ક્રેઝ છે તેથી ફિલ્મ નિર્માતાઓ વધુને વધુ ફિલ્મો બનાવી રહ્યાં છે. ફિલ્મોના શૂટીંગની વધતી જતી માગણીને ધ્યાને લઈને રાજ્ય સરકારે બિન ગુજરાતી ફિલ્મો માટે શૂટીંગની પરવાનગી આપવાનું નક્કી કર્યું છે. ભૂતકાળમાં અનેક હિન્દી ફિલ્મોના શૂટીંગ ગુજરાતમાં થયા છે પરંતુ તે સમયે ફિલ્મના નિર્માતા-નિર્દેશકોને ખબર ન હતી કે ગુજરાત પાસે શૂટીંગના લોકેશનનો ખજાનો છે. ગુજરાત સરકારે પ્રથમવાર ટુરિસ્ટ ડેસ્ટીનેશનની જેમ ફિલ્મ શૂટીંગ માટેના લોકેશન શોધી કાઢ્યા છે. બોલીવુડની ફિલ્મો હવે ગુજરાતની ધરતી ઉપર પણ



બની શકે છે, કેમ કે રાજ્યના ટુરિઝમ કોર્પોરેશને ફિલ્મ શૂટીંગ માટેના એવાં ૯૧ જેટલા સ્થળો નક્કી કર્યા છે કે જ્યાં ફિલ્મ શૂટીંગ માટેની જગ્યા ભાડે આપવામાં આવશે. ગુજરાતના ઉત્તમ લોકેશનમાં સૌ પ્રથમ સાપુતારા આવે છે, ત્યાર પછી પોળોના જંગલો આવે છે. એ ઉપરાંત હાલના ટુરિસ્ટ ડેસ્ટિનેશનમાં દરિયા કિનારાના સ્થળો, કચ્છનું રણ, ધોળાવીરા જેવા પૌરાણિક શહેરો, ધાર્મિક સ્થળો, રજવાડી મહેલો તેમજ અભ્યારણ્યોનો સમાવેશ થાય છે. ટુરિઝમ કોર્પોરેશને ગાંધીનગરના મહાત્મા મંદિરને પણ ફિલ્મ શૂટીંગ માટે સિલેક્ટ કર્યું છે. ફિલ્મ શૂટીંગના લોકેશન પૈકી સૌથી વધુ કચ્છમાં આવેલા છે. ટુરિઝમ કોર્પોરેશને અમદાવાદ અને વડોદરાને પણ શૂટીંગ લોકેશન માટેનું બેસ્ટ સ્થળ ગણ્યું છે. ચાલો, સારૂં થયું કે ગુજરાતની મનોરંજન પ્રિય જનતાને હવે હિન્દી અને બિન ગુજરાતી ફિલ્મોમાં પણ ગુજરાતી સ્થળો જોવા મળશે. ટુરિઝમના અધિકારીઓએ પ્રત્યેક લોકેશનની ખૂબસુરતીના વિડીયો બનાવ્યા છે જે ફિલ્મ નિર્માતા અને નિર્દેશકોને બતાવવામાં આવશે.

**રેરાના ચેરમેનનો ગુજરાતી પ્રેમ અનોખો છે...**

કહેવાય છે કે ગુજરાત કેડરના અધિકારીઓ નિવૃત્તિ પછી ગુજરાતને તેમનું ઘર બનાવી દેતા હોય છે. રાજ્ય સરકારની નોકરીમાંથી નિવૃત્ત થયેલા ૩૫૦થી વધુ આઈએએસ ઓફિસરોએ વતનને ભૂલીને તેમનું કાયમી ઘર ગાંધીનગર અને અમદાવાદને બનાવી દીધું છે. ઓફિસરોનો આ ગુજરાત પ્રેમ છે પરંતુ ગુજરાતી પ્રેમ ઘણાં ઓછા અધિકારીઓને હોય છે. રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ (ઈઈઈછ) નો અમલ શરૂ થયો ત્યારે ગુજરાતમાં ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી ડો. મંજૂલા સુબ્રમણ્યમ તેના પહેલા ચેરપર્સન હતા. તેઓ ગુજરાતી ભાષા ખૂબ સરસ રીતે બોલે છે. હવે રેરાના ચેરમેન તરીકે ડો. અમરજીત સિંઘ આવ્યા છે. તેઓ ગુજરાત કેડરના પંજાબી આઈએએસ ઓફિસર છે. દિલ્હીમાં તેઓ ઘણો સમય મોદી સરકારમાં રહ્યાં છે. નિવૃત્તિ પછી ગયા જુલાઈ મહિનામાં તેમનું પોસ્ટીંગ ગુજરાતમાં --રેરા-- ના ચેરમેન તરીકે થયું છે. ડો. સિંઘ જ્યારે ગુજરાતમાં હતા ત્યારે અને અત્યારે પણ ગુજરાતી ભાષાને ખૂબ પ્રેમ કરે છે. તેમને ગુજરાતી સાહિત્ય વાંચનનો ખૂબ શોખ છે. અંગ્રેજી, પંજાબીની સાથે તેઓ ગુજરાતી લિટરેચર પણ વાંચે છે. તેમને ગુજરાતી લેખકોના પુસ્તકો વાંચવા ખૂબ ગમે છે. ગુજરાતી ન્યૂઝપેપરના એડિટોરિયલ તેમજ પૂર્તિના આર્ટિકલ્સના તેઓ શોખિન છે. ગાંધીનગરમાં સહકાર ભવનમાં રેરાની કચેરીમાં ચાર્જ લીધા પછી તેમણે ગુજરાતી લેખકોને શોધવાનું શરૂ કર્યું છે. ગુજરાતી જનતા માટે ગૌરવની બાબત છે કે એક પંજાબી આઈએએસ ઓફિસર ગુજરાતી ભાષાને વાંચવાનો અદ્ભૂત શોખ ધરાવે છે.

**પ્રગતિશીલ ગુજરાત મેં યે ક્યા હો રહા હૈ...**

ગુજરાતમાં આ શું ચાલી રહ્યું છે તેવો સવાલ લોકો કરી રહ્યાં છે. સચિવાલયમાં લોકોના તો ઠીક પરંતુ સંસદસભ્યો અને ધારાસભ્યોના કામ થતાં નથી તેથી રાજ્યના સામાન્ય વહીવટ વિભાગને આદેશ કરવો પડ્યો છે કે- રાજ્યના તમામ ઉચ્ચ અધિકારીઓએ પ્રજાના પ્રતિનિધિઓ સાથે શાલીનતાથી વર્તવું પડશે. તેઓ કોઈપણ ઓફિસમાં

### એક જિલ્લા કલેક્ટર- સ્માર્ટફોન અને સોશ્યલ મિડીયાથી દૂર થયા પણ લોકો સાથે કનેક્ટ છે

જાય ત્યારે તેમને પાણીનો ભાવ પૂછવો પડશે. તેમના પત્રોના સમયસર જવાબ આપવા પડશે. આવા આદેશ પછી નશાબંધીનો ચુસ્ત અમલ છે તેવા દાવા કરનારી સરકારના એક ઉચ્ચ પોલીસ ઓફિસર એટલે કે ગુજરાતના પોલીસ વડા શિવાનંદ ઝા ને એક આદેશ કરવો પડ્યો છે કે- દારૂના દરોડા પાડતી વખતે સરકારની એજન્સીઓએ સ્થાનિક પોલીસને સાથે રાખવી નહીં, કેમ કે સ્થાનિક પોલીસ ફુટેલી હોઈ શકે છે. રાજ્યના પોલીસ વડા આ પ્રકારનો લેખિત આદેશ કરે તે સરકાર માટે શરમનજક કહી શકાય તેમ છે. પોલીસ વડા ગુજરાત પોલીસને મોરલના પાઠ શિખવે છે પરંતુ ખાટલે મોટી ખોડ છે. તેમણે સાચુ જ કહ્યું છે કે અગાઉથી જાણ કરીને દરોડા પાડવામાં આવે તો બધું સગેવગે થઈ જાય છે, એટલે કે હવે --ઓચિંતા-- કોઈને જાણ કર્યા વિના દરોડા પાડવા ઈચ્છનિય છે.

**ગુજરાત સરકાર પાંચ મહિના માટે વ્યસ્ત...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને અત્યારે તો ૩૧મી ઓક્ટોબર સાચવવાની છે તેથી આખી સરકાર સ્ટેચ્યુ ઓફ યુનિટીના કાર્યમાં લાગી ગઈ છે. ૩૧મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યાં છે અને આ નેશનલ કક્ષાના વિશાળ કાર્યક્રમમાં કોઈ ચૂક ન રહી જાય તેનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે પરંતુ જેવી ૩૧મી ઓક્ટોબર પૂર્ણ થશે એટલે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં સરકારના માથે મોટી જવાબદારી છે. રાજ્ય સરકારના પ્રતિનિધિઓ નવમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટના ઈન્વિટેશન આપવા માટે તાજેતરમાં વિદેશ જઈ આવ્યા છે. હવે તેમના માટે એક નવો નેશનલ રાઉન્ડ શરૂ થાય છે. ગુજરાતના યજમાન પ્રતિનિધિઓ કે જેમાં મંત્રીગણ અને ઉચ્ચ ઓફિસરોનો સમાવેશ થાય છે તેઓ દેશના વિવિધ શહેરોમાં રોડ શો કરવા જવાના છે. આ બે મહિના પૂર્ણ થશે એટલે જાન્યુઆરીમાં વાયબ્રન્ટ સમિટ આવશે. તે પછી ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ મહિનો છે. આ ત્રણ મહિના લોકસભાની ચૂંટણીની તૈયારીમાં જતા રહેશે, એટલે સચિવાલયમાં એવું કહેવાય છે કે આગામી પાંચ મહિના સરકાર માટે અતિ વ્યસ્તતા ભર્યા અને ક્રિટીકલ છે. ૧૫૦ દિવસની આ મેરેથોન રૂપાણી સરકારને કેવો સરપાવ આપે છે તે તેમના વહીવટી તંત્ર અને પ્રદેશ સંગઠનની કેવી તૈયારી છે તે બતાવશે.

### રાજ્યના વહીવટી તંત્રમાં બે એવા લેખિત આદેશ થયા છે કે જેના કારણે શંકાઓ જન્મી છે